# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૧૩ કેસ

## અમદાવાદમાં વધુ ૨૪૯ કેસ : રાજ્યમાં ૧૭ મોત સાથે મૃતાંક વધી ૨૧૪

ગાંધીનગર, તા.૩૦

વડોદરામાં નવા ૧૯ જ્યારે મહેસાણામાં વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૪૩૯૫ થઈ છે. જ્યારે કોરોના વાયરસના કારણે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૧૪ને પાર થઈ ગયો છે.

અમદાવાદ શહેરમાં કોરોનાની સ્થિતિ ભયંકર અને બિહામણી બનતી જાય છે. અમદાવાદમાં પોઝિટિવ કેસોનો આંક ૨૭૭૭ને પાર થઈ ગયો છે, તો શહેરમાં કુલ મૃત્યુઆંક ૧૩૭ થયો છે. મહેસાણા જિલ્લામાં વડનગરના મોલિપુર ખાતે ત્રણ કેસ નોંધાયા છે. વડોદરામાં વધુ એક દર્દીનું મૃત્યુ થતાં રાજ્યનો કુલ મૃત્યુઆંક ૨૧૪એ પહોંચ્યો છે. તેમજ ૬૧૩ દર્દીઓને રજા આપવામાં આવી છે. પંચમહાલ જિલ્લામાં નવા દસ પોઝિટિવ કેસો સામે આવ્યા હતા તો, સુરતમાં નવા ૧૩થી વધુ કેસો સામે આવ્યા હતા અને વધુ ત્રણ મોત નોંધાયા હતા. તો રાજ્યનાં પાટનગર ગાંધીનગરમાં કોરોનાના સાત નવા કેસો સામે આવતાં શહેરમાં પ્રવેશવાના રસ્તા બંધ કરી દેવામાં આવ્યા છે.

માત્ર ચ રોડ પરથી જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જેને લઈ ચ રોડ પર ટ્રાફિક જામ થયો હતો. અન્ય તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવતા સરકારી ઓફિસોમાં આવતા વાહનચાલકો હેરાન થયા હતા. જિલ્લા પોલીસવડાએ જાહેરનામું બહાર પાડી અને રસ્તાઓ બંધ કરવાની જાહેરાત કરી હતી. કોબા - અડાલજ તરફથી જ ગાંધીનગર તરફ આવવાના રસ્તા ચાલુ છે. તા.૩ મેએ લોકડાઉનનો બીજો તબક્કો પૂર્ણ થઈ રહ્યો છે. તેવામાં જો કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉન લંબાવવાની જાહેરાત કરવામાં નહીં આવે તો રાજ્યમાં ૪ મેથી ત્રણ તબક્કામાં લોકડાઉનમાં રાહત મળી શકે છે.

જેમાં તમામ ગ્રીન ઝોન સંપૂર્ણ ખોલવામાં આવી શકે છે. ઓરેન્જ ઝોનમાં અમુક છૂટછાટ આપવામાં આવશે જ્યારે રેડ ઝોનને સંપૂર્ણ બંધ રાખવામાં આવી શકે છે. અડાલજ અન્નપૂર્ણા સર્કલ પાસે બાલાપીર દરગાહ નજીક વાંસની ટોપલી બનાવતા પરિવારનો યુવક કોરોના પોઝિટિવ આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે યુવક પહેલાથી દારુનો વ્યસની હતો. અગાઉ તેને લોહીની ઉલ્ટી પણ થઈ હતી. ગયા શનિવારે તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. દરમ્યાન દેશમાં કુલ કેસોમાં મહારાષ્ટ્ર, ગુજરાતનો સૌથી મોટો હિસ્સો છે.

દેશના કુલ કેસોમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૫.૮૫ ટકા, ગુજરાતનો ૧૨.૭૨ ટકા અને દિલ્હીનો ૧૨.૬૨ ટકા છે. સૌથી વધુ કેસ ૩ શહેરોમાં છે. મુંબઈમાં ૧૧.૬૨ ટકા અમદાવાદમાં ૯.૪૩ ટકા , દિલ્હીમાં ૧૨.૬૨ ટકા છે. મધ્ય પ્રદેશનો હિસ્સો ૫.૮૭ ટકા અને રાજસ્થાનનો ૫.૦૭ ટકા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૦૨૬ | ૧૪૯ | ૩૧૬ |
| વડોદરા | ૨૮૯ | ૧૭ | ૮૭ |
| સુરત | ૬૧૪ | ૨૫ | ૫૪ |
| રાજકોટ | ૫૮ | ૦૧ | ૧૭ |
| ભાવનગર | ૪૭ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૪ | ૦૪ | ૨૪ |
| ભરૂચ | ૩૧ | ૦૨ | ૨૦ |
| ગાંધીનગર | ૪૮ | ૦૨ | ૧૨ |
| પાટણ | ૧૭ | ૧ | ૧૧ |
| પંચમહાલ | ૩૪ | ૨ | ૦૩ |
| બનાસકાંઠા | ૨૮ | ૦૧ | ૦૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૦ |
| છોટાઉદેપુર | ૧૩ | ૦૦ | ૦૬ |
| કચ્છ | ૦૬ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૧૧ | ૦૦ | ૦૫ |
| બોટાદ | ૨૦ | ૦૧ | ૦૨ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૫ | ૦૦ | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ખેડા | ૦૬ | ૦૦ | ૦૨ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૨ |
| અરવલ્લી | ૧૯ | ૦૧ | ૦૦ |
| મહીસાગર | ૧૧ | ૦૦ | ૦૫ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૬ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૪૩૯૫** | **૨૧૪** | **૬૧૩** |

# નગરમાં કાર્યપાલક ઈજનેરોની નિમણુંક

**મધ્યસ્થ આલેખન તંત્ર ખાતે કુલ છ અધિકારીઓની નિમણુંક ઉપરાંત સુજલામ સુફલામ વર્તુળ ૧, ગાંધીનગર પંચાયત, સરદાર સરોવર નિગમ અને કલ્પસર વિભાગ ખાતે અધિકારીઓ નીમાયા**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ પરીક્ષા ગુજરાત ઈજનેરી સેવા વર્ગ -૨ માં પસંદગી પામેલા ઉમેદવારો ની નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) તરીકે જિલ્લામાં નિમણુંક કરવામાં આવી છે. જે સંદર્ભે કુલ ૧૨૧ નાયબ કાર્યપાલક ઈજનેર નિમાયા છે.

નર્મદા જળસંપત્તિ પાણીપુરવઠા અને કલ્પસર વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૧૭ ૧૮ દરમિયાન જીપીએસસી દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં થયેલા ઉમેદવારોની એક વર્ષીય ખાતાકીય તાલીમ પૂર્ણ થતા હાલ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં તેમની નિમણૂક કરવામાં આવી છે. જેમાં કુલ ૧૨૧ નાયબ કાર્યપાલક ઈજનેર નિમાયા છે. ૧૨૧માંથી ૬ અધિકારીઓની નિમણૂક ગાંધીનગર રાજ્ય કક્ષા કચેરી મધ્યસ્થ આલેખન તંત્ર ખાતે કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ જિલ્લામાં આવેલ સરદાર સરોવર નિગમ, કલ્પસર પ્રભાગ, મહી સિંચાઈ વર્તુળ, રાજકોટ સિંચાઈ વર્તુળ,ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા આણંદ, પાનમ યોજના વર્તુળ, વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, સુજલામ સુફલામ વર્તુળ નંબર ૧ અને નંબર ૨, વડોદરા સિંચાઈ વર્તુળ, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, કચ્છ સિંચાઈ વર્તુળ, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ આમ આ દરેક ખાતામાં અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

કોરોના વાયરસ સંક્રમણને ધ્યાનમાં લઈને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમોને ધ્યાનમાં લેતા નિમાયેલા તમામ ઉમેદવારોએ નિમણૂક થઈ હોય તે સ્થળ પર હાજર થવાનું રહેશે. સંજોગો વસાત જો તેઓ હાજર થઈ શકે તેમ ન હોય તો એટલો સમય તેઓ મધ્યસ્થ આલેખન તંત્ર ગાંધીનગર હસ્તક હાજર થઈ શકશે અને જ્યારે નિમણૂક કરાયેલા સ્થળ પર હાજર થઈ શકે એમ હોય ત્યારે તુરંત જે -તે સ્થળે હાજર થવાનું રહેશે તેમ નાયબ સચિવ દ્વારા જણાવાયું છે.

**રાજ્યકક્ષા કચેરી મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર ખાતે નિમણૂક થયેલ અધિકારીઓ**

૧. કીર્તિકુમાર રમેશચંદ્ર પટેલ
૨. આકાશ મહેશભાઈ પોપટ
૩. આશિષકુમાર રાકેશકુમાર વિજય
૪. મોસીન ખાન મુનાવર ખાન પઠાણ
૫. જીનલ સંજીવ શાહ
૬. પાર્થ કિરણકુમાર પટેલ

આ ઉપરાંત ગાંધીનગર ખાતે સુજલામ સુફલામ વર્તુળ, ગાંધીનગર પંચાયત સરદાર સરોવર નિગમ અને કલ્પસર વિભાગ ખાતે પણ અન્ય અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

## તલોદ રાધાકૃષ્ણ મંદિરના ૨૩મા પાટોત્સવનું સાદગીપૂર્ણ ઉજવણી

તલોદ, તા. ૩૦

તલોદ શહેરની મધ્યમાં આવેલ શ્રી રાધાકૃષ્ણ મંદિરનો ૨૩મો પાટોત્સવ તા. ૨૩-૪-૨૦૨૦ના રોજ ઉજવાયો હતો. જેમાં તલોદ શહેરના વિદ્વાન શાસ્ત્રી અને ભાગવત કથાકાર હરિપ્રસાદ કેશવલાલ શાસ્ત્રીજીએ શાસ્ત્રોક્ત વિધિ કરાવી હતી. વર્તમાન કોરોના મહામારીને ધ્યાનમાં લઈ ચાર જ વ્યક્તિની હાજરીમાં અત્યંત સાદગીપૂર્ણ રીતે પાટોત્સવ ઉજવાયો હતો.



ગાંધીનગરમાં ટ્રાફિકના નિયમોને કડક બનાવાયા છે. મોટાભાગના માર્ગોને બંધ કરી માત્ર ચ રોડને ચાલુ રખાયો છે. વસાહતીઓને તકલીફ પડી રહી છે. પરંતુજે રીતે શહેરમાં કેસોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. તે જોતા આ પ્રતિબંધ યોગ્ય છે. નગરનો માત્ર એક ચ-રોડ ચાલુ હોવાથી અહીં વાહન વ્યવહારની અવરજવર જોવા મળી હતી.

## પ્રાંતિજના જાંબાઝ મહિલા પીએસઆઈ પી.ડી. ચૌધરીને ઈજાઓ પહોચી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજખાતે સિંગમ તરીકે ઓળખાતા પોલીસ ના જાંબાઝ મહિલા પીએસાઈ પી.ડી. ચૌધરીને ઈજાઓ પોહચી હતી.

હાલ કોરોનાને લઈને લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે લોકડાઉનનું ચુસ્ત પાલન થાય તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે લોકડાઉનમાં પણ લોકો ના જોઈતાં પોતાના વાહનોને લઈને ના જોઈતાં લટાર મારવા નિકળેલ છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. ચંપાવતના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં તાલુકામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



પ્રાંતિજ ખાતે જાંબાઝ મહિલા પીએસાઈ પી.ડી. ચૌધરી કે જે સિંગમના જાણીતા છે તેવો પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે પોતે ફરજ ઉપર હતા તે સમયે ત્યાંથી બાઈક લઈને નિકળેલ બાઈક સવાર દ્વારા પોલીસ જોતા જ બાઈક ભગાડી હતી. મહિલા પીએસાઈ પી.ડી. ચૌધરી દ્વારા બાઈક રોકવા હાથ આડો કર્યો અને બાઈક ચાલકે રોકવાને બદલે બાઈક વધુ તેજ ભગાડ્યું હતું. જાંબાઝ મહિલા પીએસાઈ પી.ડી. ચૌધરી દ્વારા બાઈકને એક હાથે પકડયું હતું અને તે દરમ્યાન તેવો નીચે ઘસડાયા હતાં પણ બાઈક છોડયું ન હતુ ત્યારે તેવો નીચે ઘસડાતા તેવોને હાથે પગે સામાન્ય ઈજાઓ પહોચી હતી.

## ચાર પરગણા સમાજના સભ્યોની અપીલ

કોરનાનાની મહામારી વચ્ચે સમગ્ર દેશમાં લોકડાઉન છે.જયારે સરકાર સાથે સેવાભાવી સંસ્થાઓ પણ ગરીબોની મદદે આવી છે. ત્યારે ચાર પ્રગણા સમાજના સભ્યોએ પણ સમાજના પ્રમુખ પાસે મદદ માટે રજુઆત કરી છે. આ અંગે સમાજના યુવા આગેવાન પ્રદિપ પરમારે પણ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સમાજના પ્રમુખ પાસે સમાજનુ ફંડ છે. હાલ આ મહામારીના સમયમાં સમાજની મદદ અનિવાર્ય છે. તેમણે વધુમાં જણાંવ્યા મુજબ સમાજના મહેસાણા જિલ્લાના પ્રમુખને તેમણે આ અંગે રજુઆત કરી છે. છતા કોઈ મદદ કરવામાં આવતી નથી. દેવીપુજક સમાજ ગરીબ પરિસ્થિતિમાં મુકાઈ ગયો છે. આ સંજોગોમાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૨૦ સુધી સમાજે આપેલા ફંડની રકમમાંથી સમાજના જરૂરિયાત-મંદોને મદદ કરવી જોઈએ તેમ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

### વિવાદમાં અટવાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

દહેગામ ઉપરાંત માણસા તાલુકાના ચડાસણા ગામે પણ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. ઈટાદરા પછી ચડાસણામાં આ કેસ નોંધાતા તાલુકામાં ચકચાર મચી જવા પામેલ છે.

મળતી વિગતો પ્રમાણે જે બે કેસ મળી આવ્યા છે તે બન્ને દર્દી અમદાવાદથી તાજેતરમાં જ ગામમાં આવ્યા છે.

આ બે દર્દીમાં એક ૭ વર્ષનો દિકરો અને તેના પિતા છે. આ બન્ને દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવતાં માણસા તાલુકાના ચડાસણા ગામે આરોગ્યતંત્રએ તેની કામગીરી સઘન બનાવી દીધી છે. આ બન્ને દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

### ૬ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આજ ગામમાં એક મિડિયાકર્મી જે ખાનગી ચેનલમાં કામ કરતો હતો તેને પણ આજે કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ એક જ ગામમાંથી ૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં સમગ્ર તાલુકામાં સન્નાટો વ્યાપી જવા પામેલ છે. હાલીસામાં જે ૩ કેસ નોંધાયા છે તેમાં ૧ ૩ માસની બાળકી, એક મહિલા અને ૧ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકાના આ ૩ કેસ ઉપરાંત ગાંધીનગર તાલુકામાં પણ આજે વધુ બે કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર ખાતે રહેતા મિડિયાકર્મીનો વૃદ્ધ માતુશ્રીનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. આ મિડિયાકર્મીના પરિવારને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવેલ છે. જ્યાં રાત્રે વૃદ્ધ માતાએ ફરિયાદ કરતાં તેમના નમૂના લેવાયા હતા અને પરીક્ષણ રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા હતા. આજે પરીક્ષણમાં આ રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે પણ એક શ્રમજીવી પરિવારના યુવકને કોરોના પોઝીટીવ આવ્યો છે. સ્લમ વિસ્તારમાં વાંસની વસ્તુઓ બનાવી રોજગારી મેળવતો આ યુવાન અડાલજના બાલાપીર વિસ્તારની નજીક રહે છે.

આ યુવાનને કોરોનાનો ચેપ કેવી રીતે લાગ્યો તે અંગે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. હાઈવેને અડીને આવેલ અડાલજના આ વિસ્તારમાં કોરોનાનો આ કેસ નોંધાતાં તંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવેલ છે.

આ ઉપરાંત કલોલ શહેરમાં રહેતી એક મહિલાને કોરોના પોઝીટીવ આવ્યો છે. શહેરની બીજી મહિલાને કોરોના પોઝીટીવ નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે.

આ મહિલા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે. તે કલોલ રેલવેની બાજુમાં આવેલ સોસાયટીમાં રહે છે. આમ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭ કેસ વધુ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસની સંખ્યા ૨૪ પર પહોંચી છે.

આ ૨૪ દર્દી પૈકી ૬ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે એક મહિલાનું સારવાર દરમ્યાન મોત થયુ છે. હાલ ૧૭ દર્દી સારવાર હેઠળ છે.

જિલ્લામાં નોંધાયેલ દર્દીઓમાં મહિલા દર્દીઓની સંખ્યા ૬ થી વધુ જણાતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. કલોલમાં બે મહિલા દર્દી ઉપરાંત આજે હાલીસામાં નોંધાયેલ ૩ પૈકી બે મહિલા દર્દી છે. ગાંધીનગરમાં પેથાપુર ખાતેથી પણ આજે વૃદ્ધ મહિલા દર્દી નોંધાયા છે. આ અગાઉ ભાટ ખાતેથી પણ મહિલા દર્દી મળેલ હતા.

### હોટેસ્ટ સીટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં આજે ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી વધીને ૪૩ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે પણ સતત ગરમીનુ પ્રમાણ વધતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. આકરી ગરમીના લીધે દિવસ દરમિયાન નગરજનોએ ગરમ ભઠ્ઠીમાં શેકાતા હોવાનો અહેસાસ કર્યો હતો. રોજબરોજ ગરમીનુ પ્રમાણ વધતુ જાય છે. ગરમીનો પારો સતત ઉંચો આવતો રહે છે. જનજીવન કોરોનાની મહામારીથી ભયભીત છે. જયારે આકરી ગરમીના લીધે પણ નગરજનો બેહાલ બન્યા છે. લોકડાઉનના લીધે દિવસ દરમિયાન કેદ નગરજનો ઘરની બહાર નિકળી શકતા નથી. જયારે રાત્રિના સમયે પણ ઘરમાં પુરાયેલા રહેવુ પડે છે. ત્યારે અસહ્ય ગરમી પણ નાગરિકો માટે સમસ્યાનુ કારણ બની છે. આજે દિવસ દરમિયાન ગરમીના લીધે શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. બપોરના સમયે આકાશમાંથી આગના ગોળા વરસ્યા હતા. ચામડીના દાહ આપતી ગરમીમાં આમ પણ નાગરિકો ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી ત્યારે હાલ શહેરમાં કોરાનાની સાથે ગરમીએ પણ લોકડાઉન આપ્યુ છે. જેના લીધે સેકટરોની શેરીઓમાં પણ દિનભર સુનકાર જોવા મળે છે. આજે ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો એક ડીગ્રી ઉપર આવ્યો હતો. રોજબરોજ રેકર્ડ બ્રેક ગરમી નોંધાય છે.જયારે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ રાજયમાં આગામી બે દિવસ હજુ પણ આક્રમક ગરમી પડશે. આગામી બે દિવસ ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી જવાની સંભાવના છે. તા ૧ અને ૨ મેંના રોજ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષીને અમદાવાદ ગાંધીનગરને પણ ગરમીની દ્રષ્ટીએ રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે. લોકડાઉન ચાલે છે. ત્યારે આમ પણ નાગરિકો ઘરમાં છે. કોરાના અને ગરમી વચ્ચે પણ જાણે યુધ્ધ ચાલી રહ્યુ છે. ત્યારે નાગરિકોએ કોરોના અને ગરમીથી બચવા માટે હવે ઘરમાં રહેવુ જ સુરક્ષિત છે.

### રેટમાં સુધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેટ ૪૦ દિવસથી પણ વધુ જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું હતું કે, હજુ સુધી દેશભરમાં ૨.૩ ટકા કોવિડ-૧૯ના દર્દીઓના મોત થયા છે. મરનાર લોકોમાં ૬૫ ટકા પુરુષો અને ૩૫ ટકા મહિલાઓનો સમાવેશ થાય છે. વયને લઈને જો વાત કરવામાં આવે તો ૪૫થી ઓછી વયના માત્ર ૧૪ ટકા દર્દીઓના મોત થયા છે. જ્યારે ૪૫ વર્ષથી ૬૦ વર્ષની વયમાં ૩૪.૮ ટકા કોવિડ-૧૯ દર્દીઓના મોત થયા છે. ૬૦થી ઉપરની વયના ૫૧.૨ ટકા કોરોના દર્દીઓના મોત થયા છે. આમા ૬૦-૭૫ વર્ષની વયના ૪૨ ટકા જ્યારે ૭૫થી ઉપરના ૯.૨ ટકા કોરોના દર્દીઓના મોત થયા છે. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, કોવિડ-૧૯ દર્દીઓમાં મરનાર લોકો ૭૮ ટકા દર્દીઓને કોઈને કોઈ બીજી બિમારી હતી અથવા તો ઉમરના કારણે મોત થયા છે. દેશમાં હજુ સુધી કુલ ૧૦૭૪ લોકો કોરોના વાયરસનો ભોગ બની ચુક્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૧૮ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. આની સાથે કોરોના દર્દીઓની સંખ્યા દેશમાં વધીને ૩૩૦૫૦ પર પહોંચી ચુકી છે. આમાથી ૨૩૬૫૧ એક્ટિવ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૦ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે અથવા તો સાજા થઈ ચુક્યા છે. હજુ સુધી દેશમાં કુલ ૮૩૨૪ કોરોના દર્દી સ્વસ્થ થઈ ચુક્યા છે. આવી જ રીતે કોરોના વાયરસથી રિકવર લોકોની સંખ્યા વધીને ૨૫.૧૯ ટકા થઈ ચુકી છે. છેલ્લા ૧૪ દિવસ પહેલા રિકવરી રેટ માત્ર ૧૩.૬ ટકા હતો. આનાથી જાણવા મળે છે કે, રિકવરી રેટના મામલામાં દેશને ઝડપથી સફળતા મળી રહી છે. હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસનો હાહાકાર અવિરતપણે વધી રહ્યો છે. ભારતમાં પણ ઝડપથી કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે. લોકડાઉન છતાં પણ સફળતા મળી રહી નથી. દેશને થોડાક અંશે સફળતા મળી રહી છે. મૃતાંક પણ સતત વધી રહ્યો છે. સમગ્ર દેશમાં અનેક પગલા છતાં બેકાબૂ બનેલા કોરોના વાયરસ સામેની લડાઈમાં સફળતા હાથ લાગી રહી નથી. આજના આંકડાથી આશાની કિરણો હવે દેખાઈ રહી છે.

### થશે બેકાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. પરંતુ લોકડાઉન (બંધ) કાયમ માટે ચાલુ રાખી શકાતું નથી. હવે આર્થિક પ્રવૃત્તિઓ ખોલવાની જરૂર છે જેથી લોકો પોતાનું કામકાજ ફરી શરૂ કરી શકે. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે આ પગલું સાવધાનીપૂર્વક લેવું જોઈએ. વિડીયો કોન્ફરન્સ દ્વારા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ભારત એક ગરીબ દેશ છે અને સંસાધનોની અછત છે.

આરબીઆઈના પૂર્વ ગવર્નરે એમ પણ કહ્યું કે, લોકડાઉનમાં તેથી આપણે લાંબા સમય સુધી લોકોને ઘરે બેસીને ખવડાવી શકીએ નહીં. કોવિડ -૧૯ સાથેના વ્યવહાર માટે ભારત જે પણ પગલાં લેશે તેની બજેટની મર્યાદા છે. જો કે, જ્યારે ગાંધીએ રાજનને ખેડુતો અને સ્થળાંતર કામદારોની સમસ્યા અંગે સવાલ કર્યા ત્યારે રાજને કહ્યું કે આ તે વિસ્તાર છે જ્યાં આપણે આપણી સીધો લાભ સ્થાનાંતરણ યોજનાનો લાભ લેવો જોઈએ. આપણે આ સિસ્ટમનો ઉપયોગ ખેડુતો અને મજૂરોને મુશ્કેલીમાંથી બહાર લાવવા માટે કરવો જોઈએ.

આ અંગેના ખર્ચ અંગે તેમણે કહ્યું હતું કે કોવિડ -૧૯ કટોકટી દરમિયાન દેશના ગરીબોની સહાય માટે ૬૫,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે. ભારત તેનું સંચાલન કરી શકીએ કારણ કે આપણી અર્થવ્યવસ્થા ૨૦૦ લાખ કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું, ×જો આપણે ગરીબોના જીવન બચાવવા માટે આટલા ખર્ચ કરવાની જરૂર હોય તો આપણે કરવું જોઈએ.×

કોરોના લોકડાઉન સંબંધિત સવાલ પર રાજને કહ્યું, ×જો તમે લોકડાઉનનો બીજો તબક્કો લો છો, તો તેનો અર્થ એ છે કે તમે અર્થવ્યવસ્થાને ફરીથી ખોલવામાં સંપૂર્ણ રીતે સફળ થયા નથી.× આપણે વસ્તુઓ ખોલીને પરિસ્થિતિનું સંચાલન કરવું પડશે. જો કોરાના ચેપનો કેસ હોય તો તેને અલગ કરીને આગળ વધવુ પડશે. ''

તેમણે કહ્યું કે ભારતમાં મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગ માટે સારી રોજગારની તકોનું નિર્માણ કરવુ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ કાર્ય અર્થતંત્રમાં ×ખૂબ મોટા પાયે વિસ્તરણ× સાથે થઈ શકે છે, પરંતુ તેમણે એમ પણ ઉમેર્યુ કે ×છેલ્લા કેટલાક વર્ષોથી ભારતનો આર્થિક વિકાસ દર સતત ઘટી રહ્યો છે.×

રાજને કહ્યું કે રોજગારની સારી તકો ખાનગી ક્ષેત્રમાં હોવી જોઈએ, જેથી લોકોને સરકારી નોકરી સાથે મોહ ન થાય. આ સંદર્ભમાં, તેમણે માહિતી ટેકનોલોજી આઉટસોર્સિંગ ઉદ્યોગનો ઉલ્લેખ કર્યો કે કોઈએ વિચાર્યું પણ ન હતું કે તે આટલો મજબૂત ઉદ્યોગ બનશે. તેમણે કહ્યું હતું કે ×આ માટે આ આઉટસોર્સિંગ ક્ષેત્ર વિકસિત થઈ શકે છે કારણ કે સરકાર તરફથી તેમાં કોઈ દખલ નહોતી.×

કોરોના વાઈરસ કોવિડ -૧૯ ભારત માટે કેટલીક તકો પણ પૂરી પાડે છે કે કેમ, . તેના જવાબમાં રાજને કહ્યું કે આટલું મોટુ સંકટ કોઈને માટે સારું નહીં હોય, પરંતુ કેટલીક રીતે વિચારી શકાય છે. અમારો પ્રયત્ન કરવો જોઈએ કે વૈશ્વિક ચર્ચાને આ દિશામાં નવા સંજોગો સાથે વ્યાપક કરી શકાય જેમાં વધુને વધુ દેશો ચિંતિત છે. તેમણે રાહુલ ગાંધીના નિવેદનને સ્વીકાર્યું કે નિર્ણય લેવાની સત્તાનું કેન્દ્રિયકરણ યોગ્ય નથી. વિકેન્દ્રિત અને સહભાગી નિર્ણયો વધુ સારા બનાવવામાં આવે છે.

કોંગ્રેસ નેતાના એક પ્રશ્નના જવાબમાં રાજને કહ્યું કે, ×આ સંજોગોમાં ભારતને તેના ઉદ્યોગો અને સપ્લાય ચેન માટે તકો મળી શકે છે.× પરંતુ આપણે આ મલ્ટિ-પોલર ગ્લોબલ સિસ્ટમમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો પડશે. ''તેમણે કહ્યું કે લોકડાઉન પછી ભારતના સંદર્ભમાં જે આંકડા આવ્યા છે તે ચિંતાજનક છે.

આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું હતું કે, જો તમે સીએમઆઈઈ (સેન્ટર ફોર મોનિટરિંગ ભારતીય અર્થતંત્ર) ના આંકડા પર નજર નાખો તો કોવિડ -૧૯ને કારણે વધુ ૧૦ કરોડ લોકોનું રોજગાર ગુમાવે તેમ છે. આપણે અર્થવ્યવસ્થાને એવી રીતે ખોલવી પડશે કે લોકો ફરીથી કામ પર પાછા આવી શકે. તેમણે કહ્યું કે, આપણી પાસે લાંબા સમય સુધી આટલી મોટી સંખ્યામાં લોકોને મદદ કરવાની ક્ષમતા નથી. ઉપરાંત આપણે પ્રમાણમાં ગરીબ દેશ છે, આપણાં દેશના લોકો પાસે વધારે બચત નથી. તેથી સરકારે ખૂબ ઝડપથી પગલાં લેવા પડશે.

### પાગરમાં કાપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટાડો જોવા મળી રહ્યો છે. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ, એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર અને સિનિયર લીડર્સના કોમ્પ્રેન્સેશનમાં ૩૦-૫૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ કોમ્પ્રેન્સેશન નહીં લેવાનો નિર્ણય કર્યો છે. કંપની તરફથી પ્રકાશિત પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના વાયરસની મહામારીના પરિણામ સ્વરુપે કંપનીને આ અવસર મળ્યો છે કે, તે બિઝનેસ પ્રોસેસને ફરીવાર ઓર્ગેનાઈઝ્ડ કરી શકે. અત્રે ઉલ્લેખનીય છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંતિમ ત્રિમાસિક પરિણામો પહેલા સ્ટેંડઅલોન અને કંસોલિડેટેડ ઓડિટ રિપોર્ટને લઈને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક મળી હતી. બેઠકમાં ખુબ જ વિચારણા કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોરોના વાયરસ મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અર્થતંત્ર પર પણ આના કારણે ખુબ માઠી અસર પહોંચી છે.

### દુનિયામાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે.લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. કોરોનાના કારણે સ્થિતિ ક્યારેય સુધરશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૬૮૮૧ રહેલી છે. જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે.કોરોના કહેર હજુ જારી રહી શકે છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કારણ કે કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતિ સુધરી રહી નથી. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. હવે સૌથી અસરગ્રસ્ત દેશોમાં ભારત પણ સામેલ છે. કારણ કે કેસોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે.